ગુજરાતમાં પણ ભાજપનો ભવ્ય જીત થશે : વાઘાણી

મોદી-શાહની આગેવાનીમાં ભાજપના વિજયનો અશ્વમેઘ સમગ્ર દેશમાં એક પછી એક ચૂંટણીમાં આગળ વધ્યો છે

અમદાવાદ, તા.૨૩

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ મહારાષ્ટ્રમાં ભાજપાના ભવ્ય વિજયને આવકારીને મહારાષ્ટ્રની જનતા અને કાર્યકર્તાઓને હદયપૂર્વકના અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આ જીત એ વિકાસની રાજનીતિની જીત છે અને ભાજપા પ્રત્યે પ્રેમનું પ્રતિબિંબ છે. નોટબંધી પછીના મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, ઓરિસ્સા અને હવે મહારાષ્ટ્રના પરિણામોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં જનતાએ મુકેલ સંપૂર્ણ વિશ્વાસની મહોર મારી છે. મહારાષ્ટ્રની જનતાએ આપેલ પરિણામો એ રાષ્ટ્રની જનતાના દિશા દર્શન બની રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની આગેવાનીમાં ભાજપાના વિજયનો અશ્વમેઘ સમગ્ર દેશમાં એક પછી એક તમામ પ્રકારની ચૂંટણીઓમાં આગળ વધી રહ્યો છે. આ જીતનું પ્રતિબિંબ યુપીની ચૂંટણીમાં પણ પડશે અને દેશના સૌથી મોટા રાજયની ચૂંટણીમાં ભાજપાની જીત થશે તે નિશ્ચિત છે. તેમજ આ જ વર્ષમાં ગુજરાતમાં પણ ભાજપનાં વિજયના અશ્વમેઘને કોંગ્રેસ કે કોઈ રોકી શકશે નહીં. ગુજરાતની જનતાનાં સંપૂર્ણ સહકાર અને વિશ્વાસ સાથે ગુજરાતમાં ભાજપાનો ભવ્ય નિશ્ચિત છે, તેવો વિશ્વાસ જીતુભાઈ વાઘાણીએ વ્યક્ત કર્યો હતો. વાઘાણીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીશ અને મહારાષ્ટ્રના ભાજપાના પ્રમુખ રાવસાહેબ પાટીલ, મુંબઈ શહેર ભાજપાના પ્રમુખ આશિષ શેલરને ભાજપાની જીત બદલ ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા અને મહારાષ્ટ્રની જનતા તેમજ તમામ ગુજરાતી ભાઈ-બહેનોને પણ ખુબ ખુબ અભારા માન્યો હતો. મહારાષ્ટ્રમાં વર્ષો પછી સૌ પ્રથમવાર ભાજપાએ એકલે હાથે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં એકલા હાથે લડીને તમામ રાજકીય પાર્ટીને પાછળ રાખી દીધી હતી. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના સભ્યઓએ કરેલ ભાજપાના મહિલા સભ્યો સહિત ધારાસભ્યો સાથે ગાળા ગાળી, મારા-મારી અને તોડફોડ કરીને રાજકીય, લોકશાહી પ્રણાલીની તમામ મર્યાદાનો ભંગ કર્યો છે. સત્તા વગર તરફડતી કોંગ્રેસ વિવાદી અને શરમજનક નિવેદનો જુઠાં આક્ષેપો અને નકારાત્મક કાર્યક્રમો પછી કોંગ્રેસે વિધાનસભામાં લોકશાહીને કલંક લગાડે તેવા દ્રશ્યો સર્જાયા તે ગુજરાતની જનતાએ જોયા છે. કોંગ્રેસ ગમે તેટલા અશાંતિ ફેલાવવાના પ્રયાસો કરે પણ ગુજરાતની જનતા તેને ક્યારેય સ્વિકારવાની નથી. સમદ્ર દેશમાંથી કોંગ્રેસ અનેક રાજ્યોમાંથી ઘસાઈ અને ભુંસાઈ ગઈ છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ ગુજરાતની જનતા ભાજપને સંપૂર્ણ સમર્થન આપશે અને કોંગ્રેસને નેસ્તનાબુદ કરી દેશે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ખેલ સપ્તાહનો ઉત્સાહપૂર્વક પ્રારંભ

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજથી ખેલ સપ્તાહનો પ્રારંભ થવા પામ્યો છે. આ સપ્તાહ દરમિયાન ૧૩ જેટલી વિવિધ રમતોમાં કોલેજમાં અભ્યાસ કરતા તબીબી ભાઈ બહેનો ભાગ લેશે.

ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા તા.૨૩ થી ફેબ્રુઆરીથી તા.૪ માર્ચ સુધી ખેલ સપ્તાહ યોજાશે. આજે સર્જરીના હેડ ડો. નિયતી લાખાણી, ફીઝીયોલોજીના હેડ ડો. જાસ્મીન દિવાન અને ઈએનટીના પ્રો.ડો. સૌંદરવાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ખેલ સપ્તાહમાં ક્રિકેટ, ફન ક્રિકેટ, બેડમિન્ટન, ફુટબોલ, હેન્ડબોલ, ખો-ખો, કબડ્ડી, ચેસ સહિતની રમતો તબીબી વિદ્યાર્થી રમશે અને જીતશે. આ વિવિધ રમતોમાં ફેકલ્ટી, એડમીનીસ્ટ્રેટીવના કર્મચારીઓ, કોલેજ સ્ટાફ, અને હોસ્પિટલ સ્ટાફના કર્મચારીઓ જ ભાગ લઈ શકશે. કોલેજ પાસેના ગ્રાઉન્ટમાં સવારથી સાંજ સુધી વિવિધ રમતો રમતા વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ નજરે પડશે. ત્યારે વિજેતા ખેલાડીઓને કોલેજ તરફથી પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રસંગે સેક્રેટરી કેયુર પ્રજાપતિ, સ્પોર્ટસ સેક્રેટરી રણજીત સિંહ માલીવાડ, અને સમસ્ત જીએમઈઆરએસના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. દર્દીની નસ પકડીને રોગ પારખી જનાર ડોકટર આ ખેલ સપ્તાહ દરમિયાન વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય દાખવશે.

નિષ્ફળતા ઢાંકવા કોંગ્રેસના સભ્યો પર હુમલો કરાયો : શંકરસિંહ

ગાંધીનગર, તા.૨૩

વિધાનસભા ગૃહમાં બહુમતીના જોરે કોંગ્રેસના બે ધારાસભ્યો પરેશભાઈ ધાનાણી અને બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી ગૃહમાંથી સસ્પેન્ડ કર્યાઅને ત્યારબાદ અન્ય ધારાસભ્યોને સાણંદમાં ખેડુતો ઉપર થયેલ લાઠીચાર્જના બનાવની નિયમ ૧૧૬ હેઠળની ચર્ચામાં સસ્પેન્ડ કર્યા હતા. સસ્પેન્ડ કર્યા બાદ પત્રકારોને સંબોધતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારની આંતરિક લડાઈ વિધાનસભામાં ઉજાગર થઈ રહી છે. ભાજપના અંદરોઅંદરના ડખા ગૃહમાં બહાર ના આવે એટલા માટે વિરોધપક્ષના સભ્યને આજના આખા દિવસ માટે કાઢી મુકવામાં આવ્યા હતા. તેને હું સખ્ત શબ્દોમાં વખોડી કાઢું છું. ગઈકાલે નલિયા દુષ્કર્મકાંડની બાબતમાં મુખ્યમંત્રીએ રસ લઈ ન્યાયિક તપાસ માટે હા પાડવાના કારણે ૧૧૬ની નોટિસની ચર્ચા હાથ ધરી શકાઈ નહોતી. વાઘેલાએ જણાવ્યું હતું કે, આજે પ્રશ્નોતરીકાળ દરમ્યાન અમરેલીના ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીનો પ્રશ્નક્રમાંક-૭ અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ખેડુતોના આપઘાતના કિસ્સાઓ અને રાજયમાં ખેડુતોના વધતા જતા આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે, તે હકીકત ખોટી છે. પરેશભાઈ ધાનાણીએ આ પ્રશ્ન અંગે સાચી વાત મંત્રીને સમજાવવા પ્રયત્નો કર્યો હતો ત્યારે મંત્રીએ રાજય સરકારની નિષ્ફળતા છુપાવવા ૧૯૯૫ની વાત કરી હતી. ત્યારે પરેશભાઈ ધાનાણીએ મંત્રીને જુની વાતો કરવાને બદલે આજના પ્રશ્ન અંગે જવાબ આપવા જણાવ્યું હતું. છતાં પણ મંત્રીએ એ જુની વાત જ ચાલુ રાખતા પરેશભાઈ તેમની પાસેના પુરાવા મંત્રીને બતાવવા જતા હતા ત્યારે શાસકપક્ષના બે સભ્ય પ્રફુલભાઈ પાનસેરીયા તથા કાંતીભાઈ અમૃતિયાએ ગૃહમાં ન શોભે તેવી અભદ્ર ભાષામાં મહિલા ધારાસભ્યની હાજરીમાં બીભત્સ ગાળો બોલી પરેશભાઈ ધાનાણી ઉપર હુમલો કર્યો. તેમને બચાવવા સભ્ય બળદેવ ઠાકોર જતાં તેમની ઉપર પણ ભાજપના સીનીયર મંત્રીઓ અને ધારાસભ્ય પણ ધસી ગયેલા. આમ, કોંગ્રેસ પક્ષના સભ્ય વિધાનસભામાં પ્રજાલક્ષી પ્રશ્નોની રજુઆત કરતાં હતા તે દરમ્યાન તેમની પર હુમલો કરી ભાજપે લોકશાહીનું ખુન કર્યું છે. ઉલટો ચોર કોટવાળને દંડે એમ કોંગ્રેસ પક્ષના બંને સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કર્યા હતા. ત્યારબાદ સાણંદ વિસ્તારના ખેડુતોને સિંચાઈનું પાણી મળે અને તે માટે ખેડુતોએ કાઢેલી રેલીમાં તેમના પર થયેલ પોલીસ દમન અંગેની ધારાસભ્ય રાઘવજી પટેલ અને કરમશીભાઈ પટેલની નિયમ ૧૧૬ હેઠળની નોટીસનો પણ મંત્રીએ સંતોષકારક જવાબ નહીં આપીને સભ્ય ન બોલ્યા હોય તેવા શબ્દો તેમના મોઢામાં મુકી પ્રશ્નો વીંટો વાળી દેતા કોંગ્રેસ પક્ષના સભ્ય વેલમાં આવી લોકશાહી રીતે વિરોધ કરી રહ્યા હતા ત્યારે તેમને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરી સરકારે વિરોધપક્ષનો અવાજ દબાવી દીધો છે.

ગુજરાતના ઈતિહાસનો કાળો દિવસ, ભાજપ-કોંગ્રેસે લોકતંત્રની આબરૂ લૂંટી : આપ

ગાંધીનગર, તા. ૨૩

લોકતંત્રનું મંદિર એવા વિધાનસભા ગૃહમાં આજે ભાજપ અને કોંગ્રેસે લોકતંત્રની આબરૂ લુંટી છે. પોતાને જનપ્રતિનિધિ ગણાવતા ભાજપ કોંગ્રેસના નેતાઓએ આજે ગુજરાતના દરેક નાગરિકને શરમાવે તેવું કૃત્ય વિધાનસભા ગૃહમાં કર્યું છે. નલિયાની પીડિત મહિલાઓને કે સાણંદના ખેડૂતોને ન્યાય અપાવવામાં ભાજપ કોંગ્રેસને કોઈ રસ નથી. ગુજરાતના આ મુદ્દાઓને દબાવી નાખવા ભાજપ કોંગ્રેસે પાછલા બારણે સેટિંગ કરી લીધું છે. આજે આ મુદ્દાઓથી પ્રજાનું ધ્યાન ભટાકવવા ભાજપ કોંગ્રેસે મળીને નીચલી હદનું મારપીટનું નાટક વિધાનસભામાં ભજવ્યું છે.

સીસીટીવી ફુટેજથી દરેક બાબતોને જાણી શકાશે : બળદેવજી ઠાકોર

ગાંધીનગર, તા.૨૩

બળદેવજી ઠાકોરે રાજ્યકક્ષાના મંત્રી નિર્મળાબેન વાઘવાણીએ ઈજા થયા હોવા અંગેના પ્રશ્નોના જવાબ આપતાં જણાવ્યું હતું કે, સીસીટીવી ફુટેજ જોશો એટલે ખ્યાલ આવશે કે, નિર્મળાબેન ત્યાં હતાં જ નહીં. જ્યારે પરેશભાઈ ધાનાણીએ ભાજપના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા અને પ્રફુલભાઈ પાનસેરીયાએ બીભત્સ ગાળો બોલતાં મામલો બીચક્યો અને ભાજપના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા અને પ્રફુલભાઈ પાનસેરીયાએ પરેશભાઈ ધાનાણી ઉપર હુમલો કર્યો, તેમને બચાવવા હું ગયેલ. આ દરમ્યાન સાવરકુંડલાના ધારાસભ્ય વલ્લભભાઈ વઘાસીયાએ મને ધક્કો મારી, ગળું દબાવી, મારી નાંખવાની ધમકી આપી. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ લખાવવા સારૂ મેં માનનીય અધ્યક્ષની મંજુરી પણ માંગેલ છે. અમારા સભ્ય ગૌતમભાઈ ચૌહાણને પણ ઈજાઓ થઈ છે. રાકના મંત્રી નિર્મળાબેન તો અમારા જિલ્લાના પ્રભારી મંત્રી છે અને સંકલનની મિટીંગમાં પ્રજાના પ્રશ્નો કલેકટર અને ડીએસપીની હાજરીમાં રજુ થતા હોય છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલતો ખોટા આક્ષેપો કરવા ટેવાયેલ છે.

ગાંધીનગરના વિદ્યાર્થીઓની રણોત્સવ ખાતે ઈન્ટર્નશીપ

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીબીએના ૧૦ વિદ્યાર્થીઓની કચ્છમાં ચાલી રહેલા રણોત્સવમાં ઈન્ટર્નશીપ તાલીમ માટે પસંદગી કરાઈ છે. રણોત્સવમાં ૧ માસની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ સારી રીતે મેનેજમેન્ટ સ્કીલ ડેવલપ કરી શકશે. હાલ આ વિદ્યાર્થીઓ ધોરડો ખાતે તાલીમ મેળવી રહ્યાં છે. રણોત્સવ ખાતે ઈન્ટર્નશીપ મેળવવા વિદ્યાર્થીઓની ત્રણ અલગ અલગ ધોરણો અનુસાર તબક્કાવાર પસંદગી પ્રક્રિયા યોજાઈ હતી. આ ઈન્ટર્નશીપ અંગે કચ્છ ખાતેના વ્હાઈટ રણ રિસોર્ટના મેનેજર દિલીપ સિન્હાએ જણાવ્યું હતું કે ગાંધીનગરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓમાં ઊંડી વ્યવસાયિક સુઝ હોવાથી ઈન્ટર્નશીપમાં સારું પરફોર્મન્સ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પણ ઈન્ટર્નશીપ તાલીમ અંગે સંતોષ વ્યકત કર્યો છે. ઈન્ટર્નશીપમાં સફળતા પ્રાપ્ત કરવા માટે કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ તથા પ્લેસમેન્ટ ટ્રેનિંક કમિટિના હેડ ડૉ.જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

રાજયના કુલ ૬૬૧૯૩ કુવાનું વીજળીકરણ થયું

રાજય સરકાર ખેડુત હિતલક્ષી નિર્ણયો લેવામાં હંમેશા અગ્રેસર રહી છે. ખેડુતોને પડતી મુશ્કેલીને દુર કરવા રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી છે. ખેડુતોને પાણી અને વીજળી વગર આધુનિક ખેતી અધુરી લાગે છે. જો પાણી હોય અને વીજળી ના મળે તો, અથવા વીજળી હોય અને પાણી ના મળે તો ઉભો પાક નષ્ટ થવાની સંભાવના રહેલી છે. ત્યારે કિસાનોને કૃષિ વિષયક વીજ જોડાણો પુરા પાડવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે, એમ ઉર્જામંત્રી ચિમનભાઈ સાપરિયાએ જણાવ્યું છે. આજે ગુજરાત વિધાનસભા ખાતે પ્રશ્નોતરીકાળમાં રજુ થયેલા પ્રશ્નોના લેખિત ઉત્તર આપતાં મંત્રીએ ઉમેર્યુ કે, આ સમસ્યાને હલ કરવા રાજય સરકારે રાજયના ૨૧ જેટલા જિલ્લાઓમાં કુલ ૬૬,૧૯૩ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.

વિધાનસભામાં ગાંધીનગર...

● છેલ્લા પાનું ચાલુ

કરમશીભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ જણાંવ્યુ હતુ કે અમદાવાદ જિલ્લામાં આ મામલે છેલ્લા બે વર્ષમાં ૬૨૯૯ અરજીઓ મળી હતી જયારે આ અન્વયે ૫૬૭૬ વિજજોડાણ આપવામાં આવ્યા છે. વધુમાં ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત બે વર્ષમાં ૧૮૨૭ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૧૮૨૫ વિજ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં કેટલા વિજ સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ જણાંવ્યુ હતુ કે બે વર્ષમાં બે સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે.

● મેશ્વો અને વાત્રક નદીમાં પાણી છોડવાથી ૧૧૦૦ ખેડુતોને પિયતનો લાભ

દહેગામ તાલુકાની નદીમાં પાણી છોડવાના મામલે દહેગામના ધારાસભ્યએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાંવ્યુ હતુ કે દહેગામ તાલુકાની નદીઓમાં નર્મદા મુખ્ય નહેરમાંથી મેશ્વો નદીમાં પાંચવાર ,વાત્રક નદીમાં ત્રણવાર અને ખારી નદીમાં એકપણ વાર પાણી છોડવામાં આવ્યુ નથી. જયારે નદીઓમાં પાણી છોડવાના લીધે ૧૧૦૦ ખેડુતોને ભુર્ગભ જળ રીચાર્જ થવાથી લાભ મળ્યો છે. દહેગામ તાલુકામાં ખાતરીબા વહેરાનુ પાણી ક્યા કારણોસર છોડવામાં આવતુ નથી અને આ પાણી કેટલા સમયમાં છોડવામાં આવશે? દહેગામના ધારાસભ્યના તેવા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિમંત્રીએ જણાંવ્યુ હતુ કે કડાણા જળાશય યોજનામાંથી પાણીની ઉપલબ્ધિ પ્રમાણે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાંથી ખાત્રીબા વહેરામાં પ્રતિ વર્ષ ખરીફ તથા રવિ સિઝનમાં ૧૦થી ૨૦ ક્યુસેક પાણી છોડવામાં આવે છે.

ગાળાગાળી - મારામારી...

● છેલ્લા પાનાનું ચાલુ

ભાજપના મહિલા સુરક્ષા મંત્રી નિર્મલાબેન વાઘવાણીને હાથમાં ઈજા પહોંચી હતી, તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરને પગે ઈજા પહોંચી હતી. બન્ને ધારાસભ્યોએ પાડાપીડી કરવી પડી હતી, અને ડોકટરે તેમને એક્સરે કરવાની સલાહી આપી હતી. નિર્મલાબેન વાઘવાણીએ કહ્યું હતું કે હું તો વિધાનસભાની રોમાં ઉભી હતી, ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે મને ધક્કો માર્યો હતો, ત્યારે હું હતપ્રભ થઈને પડી ગઈ હતી, અને મને હાથમાં વાગ્યુ છે. વિભાવરી બહેન દવે કહ્યું હતું કે, મહિલા સશકિતકરણની વાતો કરનારી કોંગ્રેસને જનતા જોઈ લેશે. ડેપ્યુટી સીએમ નિતિન પટેલે મિડિયા સમક્ષ જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા જે હુમલો કરાયો છે કે કલંકરૂપ ઘટના છે. ગુજરાત વિધાનસભાનુ બજેટ સત્ર હાલમાં ચાલી રહ્યુ છે ત્યારે આજે શાસક ભાજપ અને વિપક્ષી કોંગ્રેસના સભ્યો વચ્ચે ગૃહમાં છુટ્ટાહાથની મારામારી થઈ હતી. જેથી ગુજરાત માટે વધુ એક કલંકિત ઘટના બની ગઈ હતી. બજેટ સત્રના પ્રથમ દિવસે સમગ્ર રાજ્યને હચમચાવી મુકનાર નલિયા સામુહિક દુષ્કર્મ કાંડના મુદ્દે ભારે હોબાળો થયા બાદ આજે ખેડુતોના આપઘાતના મુદ્દે હોબાળો રહ્યો હતો. બન્ને વચ્ચે સામ સામે જોરદાર આક્ષેપબાજી કરવામાં આવતા કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. ગુજરાત રાજ્ય માટે શરમજનક ગણી શકાય તેવી આ ઘટનાના કારણે કોંગ્રેસના સભ્ય બળદેળ ઠાકોરને પગમાં ઈજા થઈ હતી. બીજી બાજુ મારામારી અને ઝપાઝપા દરમિયાન સરકારના મંત્રી નિર્મલાબેન, વલ્લભ કાકડિયા, શામજી ચોહાણને ઈજા હતી. ભારે ઝપાઝપી થયા બાદ ગુજરાત વિધાનસભાની કાર્યવાહી મોકુફ કરી દેવામાં આવી હતી. કોંગ્રેસે મચાવેલી ધાંધલના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા.

આ પણ વાંચીએ...

● પિતાને ભેટ આપી પુત્રએ ૪૫ લાખની બાઈક

બિઝનેસમેન કવલજીતસિંઘ વાલીયાને તેમની ૩૫મી મેરેજ એનીવર્સરી પર ૪૫ લાખની બાઈક ભેટ મળી છે. તેમના પુત્રએ માતા-પિતાની મેરેજ એનિવર્સરીને યાદગાર બનાવવા ઈન્ડિયન રોડમાસ્ટર બાઈક ખરીદી હતી. જેની પર સીએચ૦૧. બીએલ.૦૦૦૧ નંબર લગાવેલો છે. આ નંબર માટે તેઓએ ૬.૬૨ લાખનો ખર્ચ કર્યો છે.

● રીક્ષાચાલકના પુત્ર સિરાજને આઈપીએલની હરાજીમાં ૨.૬ કરોડમાં ખરીદ્યો

આઈપીએલની તાજેતરમાં થયેલી હરાજીમાં હૈદ્રાબાદના ઝડપી બોલર મોહમ્મદ સિરાજ માટે નવી ખુશીઓ લઈને આવ્યુ છે. તેને હૈદ્રાબાદ સનરાઈઝર્સની ટીમે ૨.૬ કરોડમાં ખરીદ્યો છે. તેનુ પ્રદર્શન છેલ્લા કેટલાક સમયથી ખુબ સારૂ રહ્યુ છે. તે કહે છે કે જ્યારે આઈપીએલની હરાજીમાં તેની બોલી ૨.૬ કરોડ સુધી પહોંચી તો તેઓ દંગ રહી ગયા હતા. આ રકમથી તેઓ પોતાના રીક્ષાચાલક પિતા અને માતા માટે હૈદ્રાબાદ પોતાનું ઘર ખરીદવા ઈચ્છે છે.

● રાજકોટના યુવાને બનાવ્યુ માટીમાંથી ફ્રીજ

ઉનાળો હવે ધીમે ધીમે દસ્તક આપી રહ્યો છે. ઠંડા પાણીની જરૂરીયાત વધતી જાય છે. ફ્રીજ વિના હવે ચાલે તેવુ નથી. પરંતુ જે લોકો પાસે રેફ્રીઝેટર નથી તેમના માટે રાજકોટ જિલ્લાના નીચી મંદાલ ગામના મનસુખભાઈ પ્રજાપતિએ બનાવેલુ માટીનું ફ્રીજ ખુબ જ ઉપયોગી થઈ પડશે. આ ફ્રીજને ચલાવવા વીજળીની જરૂર પડતી નથી. આ ફ્રીજમાં શાકભાજીને ચાર-પાંચ દિવસ સુધી સાચવી શકાય છે. વળી તેની કિંમત પણ ખુબ ઓછી છે.

● ચીન બનાવી રહ્યુ છે સૌથી વધુ સ્પીડ ધરાવતુ સુપર કોમ્પ્યુટર

ટેકનોલોજીની દુનિયામાં હરિફોને હંફાવવા ચીને કમર કસી લીધી છે. હાલમાં ચીન એક એવુ સુપર કોમ્પ્યુટર બનાવી રહ્યું છે જે દુનિયામાં ઉપલબ્ધ કોઈપણ કોમ્પ્યુટર કરતાં દસ ગણી વધુ ઝડપથી કામ કરશે. ૨૦૧૮ સુધી આ પ્રોજેક્ટ પૂર્ણ થશે.

તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

સજ્જન ડોનરનું સીલેકસન કરવું જોઈએ. આમ તો લોહી બને ત્યાં સુધીના ચઢાવું જોઈએ પણ છતાં જરૂર પડે તો સારા રક્તદાતાનું અને સારી બ્લડબેંકમાંથી લોહી લેવાનો આગ્રહ રાખવો જ જોઈએ. ઘણી વખત એકદમ નજીકના રક્તદાતા નું લોહી પણ જીવલેણ સાબિત થતું હોય છે, નજીકના સગા એટલે શું? એટલે પિતા અને પુત્ર, માતા અને પુત્રી એમને બને ત્યાં સુધી રક્ત દાનના કરવું જોઈએ અથવા તો એકબીજાનેના આપવું જોઈએ એટલે કે મને જરૂર પડે ત્યારે પુત્ર એ એક જ ગ્રુપ હોય તો પણ માતાએ પુત્રને બ્લડના આપવું જોઈએ કેમ? કે નવિન શોધ ખોળ પ્રમાણે મેડીકલ સાયન્સે એવું ત્રણ આપ્યું છે કે એકે જ કુટુંબના રક્તદાન લેવાથી જ એક ચોક્કસ પ્રકારનું રીયેક્સન આવે છે જેમાં દર્દીનું મૃત્યુપણ થઈ શકે છે એટલે ફરી એજ વાત આવે છે એટલે કુટુંબ સિવાય સારા રક્તદાતાનું અને સારી લોહીની બ્લડબેંકમાંથી જ બ્લડ લેવું. આ તો ભાઈ બે ખરાબ વસ્તુમાંથી એક ખરાબ વસ્તુ સ્વીકારવા જેવી વાત છે.

- sgpathlab@gmail.com

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક -૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં.: (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

ટૂંકી મુદતની જાહેર નિવિદા સને ૨૦૧૬-૨૦૧૭

નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના રમત-ગમત સાધન ખરીદી ટેન્ડર બાબત.

ટેન્ડરની વિગતો અને ફોર્મ ફક્ત www.ku-guj.org પર તા. ૨૪-૨-૨૦૧૭થી તા. ૨-૩-૨૦૧૭ સુધી ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ રહેશે.

અનુ.	કામનું નામ	(૧) અંદાજિત રકમ (૩) ટેન્ડર ફી	(૨) બાનાની રકમ (૪) કક્ષા
૧.	કામધેનુ યુનિવર્સિટી માટેના રમત ગમતના સાધનો ખરીદવા બાબત	(૧) ૪,૦૦,૦૦૦ (૩) ૧૫૦૦	(૨) ૧૨,૦૦૦ (૪) ટેન્ડરમાં દર્શાવ્યા અનુસાર

ટેન્ડર મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

નિયામકશ્રી,
વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

માહિતી/૨૮૩૩/૧૬-૧૭

જાહેર ખબર (વાહન હરાજીથી વેચાવનું છે.)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તકનું મારૂતિ (પેટ્રોલ) કાર નં. જીજે-૧૮-જી-૨૦૬૪ મોડેલ નં. ૨૦૦૬ છે. આ કાર નવા સચિવાલયના પાર્કિંગમાં હાલમાં બંધ હાલતમાં છે. તેવી જ હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે.

વાહન સરકારી કામકાજના દિવસોમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઉપસચિવશ્રી (મહેકમ) બ્લોક નં. ૫/૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને નવા સચિવાલયના પાર્કિંગમાં જોઈ શકાશે. આ અંગેના ભાવો તા. ૯-૩-૨૦૧૭ સુધીમાં સીલબંધ કવરમાં નીચે જણાવેલ કચેરીને R.P.A.D. થી કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવી મોકલી આપવાના રહેશે. સીલ બંધ કવરો તા. ૯-૩-૨૦૧૭ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. સ્વિકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વિકારવામાં આવશે. તે પાર્ટીએ ગાડી દીઠ ભાવની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર વાણિજ્યક વેરો ભરવાનો રહેશે. આ કારની તળીયાની કિંમત રૂ. ૬૫,૦૦૦/- છે. ગાડીનું નવું રજીસ્ટ્રેશન સંબંધિત પાર્ટીએ કરાવ્યા બાદ જ ગાડીનો કબજો સોંપવામાં આવશે. અન્ય શરતો www.sje.gujarat.gov.in પર જોઈ શકાશે અને રૂબરૂ વાંચી સંભાળવામાં આવશે.

(એમ.એલ.ભગોરા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

માહિતી/૨૮૦૪/૧૬-૧૭

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ